## મોરારજી દેસાઈ ગાર્ડન લાફિંગ ક્લબ દ્વારા શ્રીરામની રંગોળી



સુરતઃ રામ મંદિર પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ અનુલક્ષીને આજરોજ સવારે ૫:૩૦ કલાકે અડાજણ મોરારજી દેસાઈ ગાર્ડન ની સામે આવેલ મલ્ટી એક્ટિવિટી ઝોન માં 1008 દીવા તથા શ્રીરામની રંગોળી આરએસએસ. ગાર્ડનમાં આવનાર તથા લાફિંગ ક્લબ દ્વારા ઘણો સરસ ઉત્સવ ઉજવવામાં આવ્યું જેમાં ગીતા રેસ્ટોરન્ટ તરફથી ઈડલી ઢોસા ઉપમા અને પ્રસાદમાં બુંદી રેવડી ચોકલેટ અને રેવડી આપવામાં આવી હતી.

## "ધ રેડિયન્ટ ઇન્ટર નેશનલ સ્કૂલ રામોત્સવ શોભા યાત્રા"



સુરતઃ જ્યારે 22 /01/2024 ને સોમવારના રોજ અયોધ્યામાં પ્રભુ શ્રી રામ, માતા સિતા અને લક્ષ્મણ સાથે પવનપુત્ર હનુમાન અયોધ્યા આવી રહ્યા છે. તેની પ્રતિરૂપી રૂપ "ધ રેડિયન્ટ ઇન્ટરનેશનલ સ્કૂલ" અડાજણ "ધ રેડિયન્ટ ઇન્ટર નેશનલ સ્કૂલ રામોત્સવ શોભા યાત્રા" નું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં વિદ્યાર્થી દ્વારા રામ,સિતા લક્ષ્મણ,હનુમાન,જટાયું,રાવણ જેવા પાત્ર ની "શોભા યાત્રા" કરવામાં આવી હતી . આ શોભા યાત્રામાં 2000 થી પણ વધુ વિદ્યાર્થી 450 વધુ શિક્ષકો અને 500 જેટલા વાલી જોડાયા હતા અને "ધ રેડિયન્ટ ઇન્ટર નેશનલ સ્કૂલ રામોત્સવ શોભા યાત્રા" ની ગૌરવપૂર્ણ બનાવી. આ શોભા યાત્રા 2 કિલોમીટર જેટલી લાબી હતી.. આ શોભા યાત્રા આનદ પૂર્વક જાહેર જનતા દ્વારા વધાવી હતી. અને શાળાના વાઇસ પ્રેસિડેન્ટ જિગ્નેશભાઈ માંગુકિયા અને મેનેજિંગ ડિરેક્ટર કિશનભાઈ માંગુકિયા એ વિદ્યાર્થીમાં ધર્મએ પ્રથમ કર્તવ્ય છે તેવો સંદેશો આપી શોભા યાત્રા શાળા પ્રાંગણ માં પૂર્ણ કરી હતી.



નાનપુરા, રામજી મંદિર



કાદી ફળિયાની શોભાયાત્રા



શાળાના બાળકોએ એલઈડી પર મહોત્સવ નિહાળ્યો



જૈન સમાજનું લડુ વિતરણ



નવી સિવિલ હોસ્પિટલ

(તસવીરો : સતીષ જાદવ)



## શ્રીશાંડિલ્ય ઋષિ વેદ સંસ્કૃત મહાવિદ્યાલયના 100 ઋષિકુમારો શોભાયાત્રા

શ્રીશાંડિલ્ય ઋષિ વેદ સંસ્કૃત મહાવિદ્યાલય આજ રોજ ભગવાન શ્રીરામ ભગવાન ની પ્રાણ પ્રતિષ્ઠ મહોત્સવ અંતર્ગત ભવ્ય શોભાયાત્રાથી ધાર્મિક કાર્યક્રમની શરૂઆત થઈ જેમા શ્રી રામરક્ષાસ્તોત્ર, શ્રીહનુમાન ચાલીસા, શ્રી સુન્દરકાન્ડ, ના 100 ઋષિકુમારો ભાવિક ભક્તો સાથે ભગવાન ના ગુણગાન ગાયા.

## નવી સિવિલ હોસ્પિટલમાં રંગોળી, મહાઆરતી અને ભવ્ય રેલી દ્વારા રામોત્સવની ઉજવણી

સુરતઃ નર્સિંગ એસોસિયેશના ઇકબાલ કડીવાલાના માર્ગદર્શન હેઠળ સમગ્ર નર્સિંગ સ્ટાફે ભેગા મળી મહાઆરતી કરી હતી. અને મિઠાઈનું વિતરણ કર્યું હતું. તેમજ પ્રભુ શ્રી રામની અયોધ્યા વાપસીની ઐતિહાસિક ક્ષણને વધાવવા સિવિલના દરેક વોર્ડમાં દિવડા પ્રગટાવી આરતી કરી હતી. હોસ્પિટલમાં ઠેરઠેર રંગોળી પાડવામાં આવી હતી. આ પ્રસંગે આર.એમ.ઓ. ડૉ.કેતન નાયક, ઈ.તબીબી અધ્યક્ષ ડૉ. ધારિત્રી પરમાર, ટી.બી વિભાગના વદ અને સેનેટ સદસ્ય પારૂલ વડગામા હાજર રહ્યા હતા.

## પૂણામાં ભાજપ-કોંગ્રેસના નેતાઓ એક જ રથ પર શોભાયાત્રામાં જોડાયા



સુરત : આયોધ્યા ખાતે પ્રભુશ્રી રામની પ્રાણ પ્રતિષ્ઠા ક્ષણની દેશ અને દુનિયામાં ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. જેમાં સુરતે પણ કોઈ કચાસ બાકી રાખી નથી ત્યારે પૂણાગામ વિસ્તારમાં આવેલી સોસાયટીઓ દ્વારા રાજકીય પક્ષા પક્ષીને બાજુ પર મૂકી નાત જાતના ભેદભાવ વિના એક થયા હતા. પૂણા ગામ રામોત્સવ સમિતિના નેજા હેઠળ પૂણા વિસ્તારમાં બળદ ગાડાની સવારી, ડી જે ના તાલે, કરતાલની રમઝટ સાથે પ્રભુ શ્રીરામની ભવ્ય શોભાયાત્રા અને મહાઆરતીનું આયોજન કરવામાં આવ્યું હતું. શોભાયાત્રા પૂણા અને વરાછાના વિવિધ વિસ્તારોમાં ફરી હતી. આ શોભાયાત્રામાં ઉડીને આંખે વળગે તેવી વાત એ હતી કે, ભાજપ સરકારના શિક્ષણ મંત્રી પ્રફુલભાઈ પાનશેરિયા અને નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ સુરતના પૂર્વ વિપક્ષી સભ્ય સુરેશભાઈ સુહાગીયા (કોંગ્રેસ) એક સાથે એક રથમાં ઉપસ્થિત રહ્યા હતા.

## 'આઓ મ્હારા રામ'.... સુરતમાં ખ્યાતનામ કવિઓએ પણ રમઝટ જમાવી



સુરતઃ શહેરમાં રાજસ્થાની સમાજના આગેવાનોએ દેશના ખ્યાતનામ કવિઓનું સંમેલન યોજી ભારે આર્કષણ જમાવ્યું હતું. પરવટ પાટીયા વિસ્તારમાં યોજાયેલા 'આવો, મ્હારા રામ' કડકડતી ઠંડીમાં હજારો લોકોએ રામભકિતની કવિતાઓનો રસાસ્વાદ માણ્યો હતો અને કવિઓની રચનાઓથી રામમય વાતાવરણ સજાર્યુ હતું. કવિ સંમેલનની શરૂઆત પહેલાં, હનુમાન ચાલીસાનું સામૂહિક રીતે ગાન કરવામાં આવ્યું હતું. તેમજ પ્રારંભ અલીગઢના ગીતોના રાજકુમાર તરીકે જાણીતા ગીતકાર ડૉ.વિષ્ણુ સક્સેના દ્વારા કરાયો હતો. ત્યારબાદ ઇટાવાના યુવા કવિ ગૌરવ ચૌહાણે, 'નેતાજી લપેટે' કાર્યક્રમ, લખનૌના સ્વયમ શ્રીવાસ્તવ, નોઈડાના કવિયત્રી પ્રિયંકા રોયનો ગીતકાર ડૉ. વિષ્ણુ સક્સેના, શશિકાંત યાદવ અને અંતમાં કવિ ડૉ.હરિઓમ પંવરે ભગવાન રામને લગતી કવિતા રજુ કરી માહોલને રામમય બનાવ્યો હતો.

